INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૧૪-૦૩-૨૦૨૬**

## કોંગ્રેસનું 'National Talent Hunt' અભિયાન: ગુજરાતમાં ચાર ઝોનમાં 15–16 માર્ચે ઈન્ટરવ્યૂ

**અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત ખાતે AICC મીડિયા વિભાગના પદાધિકારીઓ તથા નિષ્પક્ષ જ્યુરીની ઉપસ્થિતિમાં પસંદગી પ્રક્રિયા યોજાશે**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડો. મનીષ દોશી તથા મીડિયા કો-કન્વીનર અને પ્રવક્તા શ્રી હેમાંગ રાવલે એક સંયુક્ત અખબારી યાદીમાં જણાવ્યું હતું કે અખિલ ભારતીય કોંગ્રેસ કમિટી (AICC)ના મીડિયા વિભાગ દ્વારા શરૂ કરવામાં આવેલ રાષ્ટ્રીય પ્રતિભા શોધ અભિયાન – National Talent Hunt અંતર્ગત સમગ્ર ગુજરાતમાં પ્રાદેશિક સ્તરે ઈન્ટરવ્યૂ પ્રક્રિયાનું આયોજન કરવામાં આવ્યું છે.

કોંગ્રેસ પક્ષે દેશભરમાં પોતાની વિચારધારાને વધુ અસરકારક રીતે રજૂ કરી શકે એવા પ્રખર અને સક્ષમ વક્તાઓની ઓળખ માટે આ વિશેષ અભિયાન શરૂ કર્યું છે. આ કાર્યક્રમ જનનાયક શ્રી રાહુલ ગાંધી તથા કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી મલ્લિકાર્જુન ખડગેની વિશેષ પહેલ હેઠળ શરૂ કરવામાં આવ્યો છે અને AICC મીડિયા વિભાગના શ્રી જયરામ રમેશ, શ્રી પવન ખેરા તથા સોશીયલ મીડીયા વિભાગના શ્રીમતિ સુપ્રિયા શ્રીનેતના માર્ગદર્શન હેઠળ દેશવ્યાપી રીતે અમલમાં મૂકવામાં આવી રહ્યો છે. ગુજરાતમાં આ અભિયાનને પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડાના નેતૃત્વ હેઠળ આગળ વધારવામાં આવી રહ્યું છે.

આ અભિયાન અંતર્ગત ઓનલાઈન નોંધણી પછી પસંદ થયેલા ઉમેદવારોના પ્રાદેશિક સ્તરે ગ્રુપ ડિસ્કશન તથા ઈન્ટરવ્યૂ યોજાશે, જેમાં ઉમેદવારોની વાદવિવાદ ક્ષમતા, વૈચારિક સ્પષ્ટતા, અભિવ્યક્તિ કૌશલ્ય અને જાહેર મંચ પર પક્ષની વિચારધારા રજૂ કરવાની ક્ષમતાનું મૂલ્યાંકન કરવામાં આવશે.

ગુજરાતમાં આ પ્રક્રિયા માટે રાજ્યને ચાર ઝોનમાં 15 માર્ચ, રવિવારના રોજ અમદાવાદ, રાજકોટ, વડોદરા તથા 16 માર્ચના રોજ સુરત ખાતે પ્રાદેશિક સ્તરે ઈન્ટરવ્યૂ યોજાશે. આ ઈન્ટરવ્યૂ પ્રક્રિયા AICC મીડિયા વિભાગના ગુજરાત National Talent Hunt પ્રભારીશ્રી હરીશંકર ગુપ્તા અને સંલગ્ન પદાધિકારીઓ તથા નિષ્પક્ષ જ્યુરી પેનલની ઉપસ્થિતિમાં યોજાશે. સમગ્ર પ્રક્રિયા પારદર્શક અને વ્યાવસાયિક રીતે હાથ ધરવામાં આવશે.

આ અભિયાનનો મુખ્ય હેતુ એવા યુવાનો અને કાર્યકર્તાઓને આગળ લાવવાનો છે, જેઓ કોંગ્રેસના ગૌરવશાળી ઈતિહાસ, બંધારણીય મૂલ્યો તથા વર્તમાન રાજકીય પરિસ્થિતિ અંગે મજબૂત સમજ ધરાવે છે અને મીડિયા તથા જાહેર મંચો પર પક્ષની વાત દલીલપૂર્વક અને આત્મવિશ્વાસપૂર્વક રજૂ કરી શકે. પસંદગી પામેલા પ્રતિભાગીઓને તેમની લાયકાત અને પ્રદર્શનના આધારે રાષ્ટ્રીય, પ્રદેશ, જિલ્લા તથા વિધાનસભા સ્તરે કોંગ્રેસ પક્ષના અધિકૃત પ્રવક્તા તરીકે જવાબદારીઓ સોંપવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિએ નોંધાયેલા તમામ ઉમેદવારોને નિર્ધારિત તારીખ અને સ્થળે સમયસર હાજર રહેવા વિનંતી કરી છે તેમજ આ અભિયાનને કોંગ્રેસ પક્ષ માટે ભવિષ્યના સશક્ત અને પ્રખર અવાજોને શોધવાનું મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું છે.

હેમાંગ મહાપતરામ રાવલ
મીડિયા કોર્ડિનેટર અને પ્રવક્તા, ૯૮૯૮૨૩૩૦૩૮

**વિશેષ નોંધ:** **બિડાણમાં દર્શાવેલ સ્થળે પ્રતિભા શોધ અભિયાન કાર્યક્રમના ઈન્ટરવ્યુ થનાર છે. મીડીયાના મિત્રોને કાર્યક્રમના કવરેજ માટે ખાસ આમંત્રણ છે.**

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
# પ્રતિભા શોધ અભિયાન ઝોનલ ઈન્ટરવ્યુ કાર્યક્રમ

| તારીખ | ઝોન | સ્થળ |
|---|---|---|
| ૧૫-૦૩-૨૦૨૬ | ઉત્તર ગુજરાત | રાજીવ ગાંધી ભવન, પાલડી, અમદાવાદ. |
| ૧૫-૦૩-૨૦૨૬ | મધ્ય ગુજરાત | ઉર્મી સ્કુલ, ફ્લાય ઓવર પાસે, કુંભારવાડા, ન્યુ સમા, વડોદરા. |
| ૧૫-૦૩-૨૦૨૬ | સૌરાષ્ટ્ર | શહેર કોંગ્રેસ કાર્યાલય, લેમન-ટ્રી હોટલની બાજુમાં, રાજકોટ |
| ૧૬-૦૩-૨૦૨૬ | દક્ષિણ ગુજરાત | સર્કીટ હાઉસ, આઠવા લાઈન્સ, સુરત. |